

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-36 ■ તા. 29-08-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### ૨૪ કલાકની અંદર અમેરિકાએ ISISના અડ્ડાઓ પર હવાઈ હુમલા કર્યા

# બાઈડેન દ્વારા કાબુલ બ્લાસ્ટનો ડ્રોન હુમલા વડે બદલો

ન્યુ દિલ્હી, તા.૨૮

અફઘાનિસ્તાનમાં આત્મઘાતી હુમલા કરતાં વધુ લોકોમાં તાલિબાનનો ભય છે. સિરિયલ બ્લાસ્ટ બાદ કાબુલ એરપોર્ટ નજીક આવેલા નાળામાં લાશોનો ઢગલો થઈ ગયો હતો. ઘાયલ લોકો સારવાર માટે નાળાના પાણીમાં તડપી રહ્યા હતા, પરંતુ શુક્રવારે એ જ નાળાની તસવીર કંઈક અલગ જ હતી. અહીં ફરીથી લોકોનાં ટોળાં ઊમટી પડ્યા છે. લોકો તાલિબાનથી એટલા ભયભીત થઈ ગયા છે કે કોઈપણ રીતે હાલમાં તો દેશ છોડવા માગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે ઈટાલીના વડાપ્રધાન મારિયો ડ્રેગી સાથે અફઘાનિસ્તાનની સ્થિતિ અંગે ચર્ચા કરી. કાબુલ એરપોર્ટ પર થયેલા વિસ્ફોટોમાં જીવ ગુમાવનારા લોકોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા બંને નેતાઓએ આતંકી હુમલાની નિંદા કરી હતી અને અફઘાનિસ્તાનમાં ફસાયેલા લોકોની સલામત વાપસી સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અમેરિકાએ ડ્રોનથી અફઘાનિસ્તાનમાઁ ISISના અડ્ડાઓ પર હુમલો કર્યો છે. અમેરિકાએ આ હુમલો પાકિસ્તાની સરહદ સાથે જોડાયેલા અફઘાનિસ્તાનના નંગરહાર પ્રાંતમાં કર્યો છે. એવો પણ દાવો કરવામાં આવે છે કે કાબુલ એરપોર્ટ પર થયેલા બ્લાસ્ટના માસ્ટરમાઈન્ડ જૈજીના ખુરાસાન જૂથના એક આતંકવાદીને ઠાર માર્યો છે. યુએસ સંરક્ષણ વિભાગના પ્રવક્તા કેપ્ટન બિલ અર્બને આ માહિતી આપી હતી. જ્યારે અમેરિકાએ તેના નાગરિકોને તાત્કાલિક કાબુલ એરપોર્ટ પરથી ખસી જવા કહ્યું છે, કારણ કે ત્યાં જોખમ છે. જણાવી દઈએ કે ગુરુવારે કાબુલ એરપોર્ટ પર આત્મઘાતી હુમલા બાદ અમેરિકાએ ચેતવણી આપી હતી કે તેનો બદલો



લેવામાં આવશે અને આતંકવાદીઓને પકડી પકડીને મારવામાં આવશે. ISISના ખુરાસાન જૂથે કાબુલ એરપોર્ટ પર હુમલાની જવાબદારી લીધી હતી. આ પછી યુએસ પ્રમુખ જો બાઈડને કહ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર હુમલાખોરો વિશે જાણે છે અને તેમને યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ યોગ્ય જવાબ આપવામાં આવશે. આના ૨૪ કલાકની અંદર અમેરિકાએ ISISના અડ્ડાઓ પર હવાઈ હુમલા કર્યા છે. કાબુલ એરપોર્ટ પર વધુ આતંકવાદી હુમલાનું જોખમ તોળાઈ રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનની રાષ્ટ્રીય સુરક્ષા ટીમે ચેતવણી આપી છે કે અમેરિકાના સૈનિકો કાબુલ છોડતાં પહેલાં આતંકવાદીઓ ફરી હુમલો કરી શકે છે. વ્હાઈટ હાઉસના પ્રેસ-સેક્રેટરી જેન સાકીએ કહ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર તમામ સંભવિત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તમામ જોખમો વચ્ચે અમારા સૈનિકો લોકોને બહાર કાઢવાના મિશનમાં લાગેલા છે, પરંતુ આ મિશનના આગામી થોડા દિવસો વધુ જોખમી રહેશે. કાબુલ એરપોર્ટ પર તહેનાત અમેરિકન સૈનિકો અફઘાનિસ્તાનના લોકોને એરલિફ્ટ કરવામાં વ્યસ્ત છે, પરંતુ અમેરિકાએ ૩૧ ઓગસ્ટ સુધીમાં એરપોર્ટ પરનો કબજો છોડવાનો છે. કાબુલ એરપોર્ટ પર ગુરુવારે થયેલા આતંકવાદી હુમલામાં ૧૭૦ લોકોનાં મોત થયાં હતાં. આ હુમલામાં ૧૩ અમેરિકન સૈનિક પણ શહીદ થયા હતા તેમજ બ્રિટનના ૨ નાગરિકનાં પણ મોત થયાં હતાં, જ્યારે ૧૨૭૬થી વધુ લોકો ઘાયલ થયા છે.

## અફઘાનિસ્તાનમાં અરાજકતાનો માહોલ

કાબુલ, તા.૨૮

કાબુલના બોમ્બ બ્લાસ્ટ બાદ અહીં માતમ જોવા મળી રહ્યો છે. જ્યાં વિસ્ફોટ થયો ત્યાંની દીવાલ લોહીથી ખરડાયેલી છે. જ્યાં લોકો માટે ઊભા રહેવાની જગ્યા ન હતી ત્યાં કપડાં અને એના ચીથરાં જોવા મળે છે, ચારેબાજુ લોકોનો સામાન અને જૂતાં-ચંપલ જોવા મળે છે. રસ્તાથી લઈને હોસ્પિટલ સુધી લોકો સ્વજનોને શોધી રહ્યાં છે. દરેક જગ્યાએ ચીસાચીસ અને બૂમો જ સંભળાઈ રહી છે. અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજાના ૧૩મા દિવસ, એટલે કે ગુરુવારે પહેલી વખત ફિદાયીન હુમલો થયો હતો, જેમાં ૧૩ અમેરિકી સૈનિક સહિત ૧૬૯ લોકોનાં મોત નીપજ્યાં, ૧૨૭૭ લોકો ઘાયલ છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે, કેમ કે કેટલાક ઘાયલની સ્થિતિ ગંભીર છે. એરપોર્ટથી ૧૬ કલાક પછી શુક્રવારે સવારે લગભગ ૧૧ વાગ્યે ફ્લાઈટ ઓપરેશન્સ ફરી શરૂ થઈ ગયું. એક વખત ફરી અહીં લોકોની ભીડ ઊમટી પડી.

# ત્રીજી લહેર વચ્ચે કેરળમાં સૌથી વધુ કેસો સામે આવતા ચિંતા

ન્યુ દિલ્હી, તા.૨૮

દેશમાં કોરોનાની ત્રીજી લહેરની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે ત્યારે કેરળ દેશ માટે કોરોનાની ત્રીજી લહેરનું એપી સેન્ટર બનશે કે કેમ તે અંગે તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે. દેશમાં જ્યારે રાજ્યોએ પોતાને ત્યાં અનલોક કરી ચુક્યા છે, લોકો એક પ્રદેશમાંથી અન્ય પ્રદેશમાં અવર-જવર કરી રહ્યા છે ત્યારે કેરળની આ સ્થિતિ ચોક્કસપણે કોરોના વાઈરસને ફેલાવા માટે ઉત્તમ માહોલનું સર્જન કરી શકે છે. સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણના મતે કેરળમાં જે રીતે કેસ વધી રહ્યા છે તે ચોક્કસપણે ચિંતાજનક છે. કેસ આટલા ઝડપથી શા માટે વધી રહ્યા છે તે અંગે નક્કર માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. વધી રહેલા કેસને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર તરફથી મોકલવામાં આવેલી ટીમે હોમ ક્વોરેન્ટીન યોજનાને નિષ્ફળ ગણાવતા કહ્યું હતું કે રાજ્યમાં કોરોનાની સ્થિતિ હવે નિયંત્રણ બહાર છે. તપાસ ટીમના અહેવાલ પ્રમાણે કોરોના વિસ્ફોટ થવા પાછળ એક મોટું કારણ દર્દીઓનું મોટી સંખ્યામાં હોમ આઈસોલેશનમાં હોવાનું ગણાવાયું છે, જે અન્ય તંદુરસ્ત લોકોને અસર કરે છે. ગયા વર્ષે કોરોનાની પ્રથમ લહેર સમયે સંક્રમણને નિયંત્રણમાં રાખવા બદલ સમગ્ર દેશ માટે કેરળ રોલ મોડલ બન્યું હતુ. કોરોનાના સંક્રમણને અંકુશમાં રાખવા બદલ કેરળની ચોતરફ પ્રશંસા થઈ હતી, પણ હવે સ્થિતિ તદ્દન વિપરીત થઈ ગઈ છે. વર્તમાન સમયમાં દેશના મોટા ભાગનાં રાજ્યોમાં કોરોનાની બીજી લહેર ધીમી પડી છે ત્યારે કેરળમાંથી કોરોનાના આવી રહેલા આંકડા ખૂબ જ ચિંતાજનક બની ગયા છે. દેશમાં કોરોનાની ત્રીજી લહેરનું એપી સેન્ટર પણ શું કેરળ બનશે કે કેમ એ અંગે નિષ્ણાતો સંશોધન કરી રહ્યા છે. કોરોનાના કેસ ૩૨ હજારથી વધારે નોંધાયા છે. સૌથી વધારે ચિંતાજનક વાત એ છે કે અહીં પોઝિટિવિટી રેટ વધીને ૧૯.૨૨ થઈ ગયો છે. દેશમાં જ્યારે કોરોનાની બીજી લહેર ૨૦ મેના રોજ તેની ચરમસીમાએ હતી. ત્યાર બાદ પ્રથમ વખત પોઝિટિવિટી રેટ આટલો ઊંચો રહ્યો છે. કોરોનાના ભયજનક આંકડાને પગલે છેવટે રાજ્ય સરકારે રવિવારે સંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો છે.




કેરળમાં સતત વધી રહેલા કોરોનાના આંકડા અનેક પ્રશ્નો ઊભા કરી રહ્યા છે.

પહેલો પ્રશ્ન એ થાય છે કે શું કોરોના સામેની લડાઈમાં કેરળ મોડલ નિષ્ફળ નીવડ્યું છે? બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જ્યારે દેશનાં અનેક રાજ્યોમાં કોરોના નહીંવત થઈ ગયો છે ત્યારે જોતજોતાંમાં કેરળ કોરોનાનું હોટસ્પોટ કેવી રીતે બની ગયું. દેશભરમાં રોપોનાના ૩૫ હજારથી વધારે નવા કેસ આવેલા અને ગુરુવારે આ આંકડો ૪૬ હજારને પાર થઈ ગયેલો, ખાસ વાત એ છે કે દેશના કુલ કેસ પૈકી કેરળમાંથી ૬૦ ટકાથી વધારે કેસ સામે આવ્યા છે. છેલ્લા ૬ દિવસમાં એક લાખ ૩૦ હજારથી વધારે નવા કોરોના કેસ સામે આવી ચૂક્યા છે. ઓણમ બાદ કેરળમાં કોરોનાના કેસમાં મોટાપાયે ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યમાં કોરોના પોઝિટિવિટી રેટ ૧૯ ટકાથી ઉપર પહોંચી ગયો છે.કેરળમાં ઓણમ ઉત્સવ બાદ સંક્રમિતોની સંખ્યા વધી છે, અહીં ૧૪ જિલ્લામાંથી સાત જિલ્લા એર્નાકુલમ, ત્રિશુર, કોઝીકોડ, કલક્કડ, કોલ્લમ,મલપ્પુરમ અને કોટ્ટાયમમાં દરરોજ ૨૦૦૦થી વધારે કેસ સામે આવી રહ્યા છે. કોરોના સંક્રમિતોની સૌથી વધારે સંખ્યા એર્નાકુલમમાંથી છે, જ્યાં ૪૦૦૦થી વધારે કેસ આવી રહ્યા છે. ૩૦૦૦થી વધારે કેસ ધરાવતા જિલ્લામાં-ત્રિશુર, કોઝીકોડ અને મલપ્પુરમ છે.કેરળમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વાઈસ ચેરમેન (રિસર્ચ) ડોક્ટર રાજીવ જયદેવને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને માહિતી આપી હતી કે વાઈરસનો ડ્રોપલેટ્સ હવામાં કેટલા સમય સુધી રહે છે તે ત્યાના હવામાન પર આધાર રાખે છે. કેરળના હવામાનને લીધે એવું બની શકે કે વાઈરસ લાંબા સમય સુધી રહેતો હોય. કેરળમાં કોરોના વિસ્ફોટ માટે કેટલાક કારણો પૈકી એક કારણ પોઝિટિવ દર્દીની મોટી સંખ્યામાં અયોગ્ય રીતે હોમ આઈસોલેશનમાં રાખવાનું છે. કેરળમાં આશરે ૫ લાખ દર્દી પૈકી ફક્ત ત્રણ હજાર દર્દી જ હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. કેરળના આરોગ્ય પ્રધાન વીના જ્યોર્જના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં ઘરોમાં રહેલા લોકોમાં કોરોનાની ગતિ વધી ગઈ છે. જેને પગલે કોરોનાના કેસ સતત વધી રહ્યા છે.

એક અહેવાલ પ્રમાણે રાજ્યમાં ૩૫ ટકા દર્દી તેમના રહેઠાણો-ઘરોમાં જ સંક્રમિત થઈ રહ્યા છે. તેની પાછળનું સૌથી મોટું કારણ લોકોનું મોટી સંખ્યામાં હોમ ક્વોરન્ટીન થવાનું છે. જ્યારે તમામ સુવિધા હોય ત્યારે જ ક્વોરન્ટીન થવું તેવી અપીલ લોકોને કરવામાં આવી રહી છે.

## કાબુલમાં હવામાં પ્લાસ્ટિકની થેલીઓ ઉડતી હોય તેમ લાશો હવામાં ઉડતી હતી : બ્લાસ્ટનો સાક્ષી

**આ જીવનમાં કયામતનો દિવસ જોવો મુશ્કેલ હતો, પરંતુ મેં આ કયામતનો દિવસ જોયો. હું એ ઘટનાનો સાક્ષી બન્યો. જ્યાં બ્લાસ્ટ થયો, ત્યાં કોઈ સ્થિતિ સંભાળવા વાળું નહતું. ત્યાં કોઈ એવું નહતું, જે ત્યાં પડેલી લાશોને લોકોની નજરેથી દૂર લઈ જાય અને ઘાયલોને હોસ્પિટલ લઈ જાય. કાલે તો ઘાયલોને મદદ મળી ગઈ હતી.**

કાબુલ , તા.૨૮

એરપોર્ટના અબ્બે ગેટ પર રાહ જોતા જોતા અંદાજે ૧૦ કલાક પસાર થઈ ગયા હતા. સાંજના ૫ વાગ્યા હતા. અચાનક એવુ લાગ્યું કે, જાણે કોઈએ પગ નીચેથી જમીન ખેંચી લીધી. એવું લાગ્યું કે, કાનના પડદા ફાટી ગયા. થોડા સમય માટે કઈ પણ સંભળાવવાનું બંધ થઈ ગયું. મેં લોકોને અને તેમના શરીરના ટૂકડાઓને એવી રીતે હવામાં ઉડતા જોયા, જાણે કોઈ વાવાઝોડામાં પ્લાસ્ટિકની થેલીઓ ઉડતી હોય. બાળકો, વૃદ્ધો અને મહિલાઓના શરીર, તેમના ટૂકડાં દરેક બાજુ વિખેરાયેલા પડ્યા હતા. આ જીવનમાં કયામતનો દિવસ જોવો મુશ્કેલ હતો, પરંતુ મેં આ કયામતનો દિવસ જોયો. હું એ ઘટનાનો સાક્ષી બન્યો. જ્યાં બ્લાસ્ટ થયો, ત્યાં કોઈ સ્થિતિ સંભાળવા વાળું નહતું. ત્યાં કોઈ એવું નહતું, જે ત્યાં પડેલી લાશોને લોકોની નજરેથી દૂર લઈ જાય અને ઘાયલોને હોસ્પિટલ લઈ જાય. કાલે તો ઘાયલોને મદદ મળી ગઈ હતી. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આજે લાશો રસ્તાઓ અને ગરનાળામાં ગમે ત્યાં પડેલી દેખાઈ રહી છે. ગરનાળામાં જે થોડું ઘણું પાણી હતું તે પણ લોહીના કારણે લાલ થઈ ગયું છે. શારીરિક રીતે હું અત્યારે ઠીક છું, પરંતુ કાલના બ્લાસ્ટ પછી મને જે આઘાત લાગ્યો છે, તે કદાચ જ હવે મને નોર્મલ જિંદગી જીવવા દેશે. કાબુલના હામિદ કરજઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગુરુવારે સાંજે બ્લાસ્ટમાં ૧૦૮ લોકોના મોત થયા હતા. આતંકી હુમલાની જે તસવીરો સામે આવી છે તે હચમચાવી દે તેવી છે. આ બ્લાસ્ટમાં માંડ માંડ બચેલા અમેરિકન નાગરિકે તેમણે નજરે જોયેલો અહેવાલ દર્શાવ્યો છે. તે સ્પેશિયલ અમેરિકન વિજા પર અફઘાનિસ્તાન આવ્યા હતા અને ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ગ્રૂપ સાથે જોડાયેલા હતા. હવે અફઘાનિસ્તાન તાલિબાનના કબજામાં છે અને તેઓ પશ્ચિમી સંસ્થા સાથે જોડાયેલા હતા. આ દરમિયાન તેમણે તેમનું નામ જાહેર કર્યું નથી. તેમણે કહ્યું કે, બ્લાસ્ટ થયો તો બાળકો, વૃદ્ધો અને મહિલાઓના શરીરના ટૂકડાં હવામાં એ રીતે ઉડતા દેખાયા જાણે કોઈ વાવાઝોડામાં પ્લાસ્ટિકની થેલીઓ ઉડતી હોય. મારા માટે શનિવારનો દિવસ થોડો વહેલો જ શરૂ થઈ ગયો હતો. હજારો લોકોની જેમ હું પણ રાહ જોતો હતો કે એરપોર્ટ ગેટની અંદર ઘૂસી શકું. રેસ્ક્યુ ઓપરેશનના છેલ્લા દિવસે કદાચ મને પણ કોઈ ફ્લાઈટમાં જગ્યા મળી જાય.

# ગુજરાતમાં ટીબીના કેસોમાં વધારો આરોગ્યતંત્ર ચિંતામાં

અમદાવાદ , તા.૨૮

ગુજરાતમાં ૨૦૧૭માં ૧.૩૮ લાખ, ૨૦૧૮માં ૧.૫૪ લાખ, ૨૦૧૯માં ૧.૫૯ લાખ અને ૨૦૨૦માં ૧.૨૦ લાખ ટીબીના દર્દીઓ નોંધાયા છે. ગંભીર પ્રકારના ટીબી માટે બેડાક્વિલિન અને ડેલામિનાડ નામની દવાની સારવાર માટે આખા રાજ્યને આવરી લેવામાં આવ્યું છે. ગુજરાતમાં બેડાક્વિલિન નામની નવી દવાની ઈન્જેક્શન વગરની સારવાર શરૂ કરવામાં આવી છે. આ સારવાર ગંભીર પ્રકારના ટીબીના દર્દીઓ માટે કારગત સાબિત થઈ છે. આ ટૂંકા ગાળાની ઈન્જેક્શન વગરની સારવાર છે. ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદ કરવાના ભારત સરકારના લક્ષ્યને પૂર્ણ કરવા રાજ્ય ક્ષય તાલીમ અને નિદર્શન કેન્દ્ર દ્વારા વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. ડિજિટલ સાધનો અને આધુનિક સારવારની પદ્ધતિ દ્વારા ટીબીનું નિદાન અને સારવાર કરવામાં આવી રહી છે. રાજ્યની તમામ મેડિકલ કોલેજોને ટીબીના કાર્યક્રમમાં સાંકળવામાં આવી છે. ન્યૂટ્રિશન સેન્ટરમાં દાખલ તમામ બાળકોનું ટીબીનું સ્ક્રીનિંગ શરૂ કરવામાં આવ્યું છે. ટીબીની સારવાર કરતા ખાનગી ક્ષેત્રના ૮૦ ટકા ડોક્ટરોને સરકારના આ કાર્યક્રમમાં જોડવામાં આવ્યા છે. પ્રાઈવેટ કેમિસ્ટને પણ ટીબી કાર્યક્રમમાં સાંકળવામાં આવ્યા છે. ખાનગી ક્ષેત્રના ૮૦થી ૯૦ ટકા ડોક્ટરોને સરકારના ટીબી નિવારણ કાર્યક્રમ સાથે જોડવામાં આવ્યા છે. લોકોમાં ટીબીની નિદાન અને સારવાર માટે જાગૃતિ ફેલાવવા માટે વિશેષ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ માટે ટેસ્ટિંગ, ટ્રીટમેન્ટ અને પ્રિવેન્ટની કામગીરી પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સ્ઢઇ જેવી ઝેરી ટીબીની તપાસ માટેની નેશનલ લેબોરેટરી ગુજરાતમાં અમદાવાદમાં છે. કોરોનાની બીજી લહેર બાદ રાજ્યમાં હવે ટીબી રોગના કેસોમાં ભારે વધારો થયો છે. રાજ્યમાં ટીબીના દરરોજ ૪૫૦થી ૫૦૦ કેસ નોંધાય છે. કોરોના સમયે દર અઠવાડિયે ટીબીના ૧૫૦૦ કેસ આવતા હતા, જે હવે વધીને ૨૫૦૦ કેસ આવે છે. ગત વર્ષે ગુજરાતમાં ટીબીના ૧.૨૦ લાખ કેસ નોંધાયા હતા.

## બ્રાઝિલમાં આદિવાસીઓએ ધનુષ-બાણ લઈને કોર્ટ બહાર નાચગાન કરીને દેખાવો કર્યા

બ્રાઝિલ, તા.૨૮

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટમાં ભૂમિ અધિકાર સાથે સંકળાયેલા મામલે સુનાવણી ચાલી રહી છે. તેનો નિર્ણય આ સપ્તાહે થશે. તેમાં આદિવાસીઓને સંરક્ષિત જમીન પર અધિકાર ખતમ થવાનો ડર સતાવી રહ્યો છે. પર્યાવરણપ્રેમીઓનું માનવું છે કે, કોર્ટ સરકારના પક્ષમાં નિર્ણય આપી શકે છે. જો એવું થશે તો તેની અસર આશરે ૨૩૦ બીજા પેન્ડિંગ કેસ પર પણ પડશે. તેના કારણે એમેઝોનના વરસાદી જંગલો કપાતા બચ્યા છે. આદિવાસીઓનું કહેવું છે કે, વેપારી જૂથો અમારી જમીનોનો ઉપયોગ ખાણો અને ઔદ્યોગિક ખેતી માટે કરવા ઈચ્છે છે. પટાક્સો આદિવાસી જૂથના ૩૨ વર્ષીય વડા સ્યરાટા કહે છે કે, બોલ્સોનારાની સરકાર બધી બાજુથી અમારું શોષણ કરે છે. આજે સમગ્ર માનવતા એમેઝોનના વરસાદી જંગલોને સંરક્ષિત કરવાની માંગ કરે છે, પરંતુ સરકાર દુનિયાના ફેફસાં, અમારા વર્ષાવનોને સોયાબીનના ખેતરો અને સોનાની ખાણોમાં બદલવા ઈચ્છે છે. સાંતા કેટરિના રાજ્ય સરકારે ઈબિરામા-લા ક્લાનોના આદિવાસી વિસ્તારોને ખાલી કરાવવા માટે નોટિસ ફટકારી દીધી છે. જેને લઈને મામલો સુપ્રીમ કોર્ટ પહોંચી ગયો છે. બ્રાઝિલમાં ૧૭૬ કબીલાના ૬૦૦૦થી વધુ આદિવાસી ઈતિહાસમાં પહેલીવાર રાજધાની બ્રાઝિલિયાના રસ્તા પર ઉતરી પડ્યા છે.

# સી.આર.પાટિલ દ્વારા સ્ટેજ પ્રથાને તિલાંજલિ આપવાની સલાહ

વલસાડ, તા.૨૮

જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ અને પારડી ધારાસભ્ય કનુભાઈ દેસાઈ,પ્રદેશ ભાજપ મંત્રી અને જિલ્લા પ્રભારી શીતલબેન સોની,માધુભાઈ કથીરિયા,સાંસદ ડો.કે.સી.પટેલ,જિ.મહામંત્રી કમલેશ પટેલ, મહેન્દ્ર ચૌધરી,ડાંગ જિલ્લાપ્રભારી સીતાબેન નાયક, જિલ્લા ઉપપ્રમુખો જીતેશ પટેલ,નિખિલ ચોકસી,જીગીતસા પટેલ,કોષાધ્યક્ષ રાજેશ ભાનુશાલી,જિ.પં. ઉપપ્રમુખ મનહર પટેલ, વલસાડ શહેર,તાલુકાના હોદેદારો,જિ. અન તા.પં.ના સભ્યો, પાલિકા સભ્યો,જિલ્લાના વિવિધ સેલ, મોરચાના હોદેદારો,કાર્યકરો મોટી સંખ્યામાં પ્રદેશ અધ્યક્ષના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા વલસાડમાં ભાજપના નવા ચૂંટયાયેલા જિ.તા.પ.ના ચૂંટાયેલા સભ્યો અને પેજ પ્રમુખોનું સન્માન તથા ભાજપ કાર્યકર પ્રશિક્ષણના કાર્યક્રમમાંપ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલે સરકારી અધિકારીઓ સંબંધિત ચોંકાવનારું નિવેદન આપતાં ભાજપ વર્તુળમાં સન્નાટો વ્યાપી ગયો હતો.વધુમાં તેમણે કાર્યક્રમોમાં સ્ટેજ પ્રથા દૂર કરીને સામાન્ય કાર્યકરો સાથે નીચે બેસીને આત્મીયતા વધારવાની ટકોર કાર્યકરોને કરી હતી.વલસાડ તિથલ રોડ ઉપર તાલુકા કોળી પટેલ સમાજની વાડી ખાતે શુક્રવારે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટિલના પ્રમુખ સ્થાને વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ દ્વારા આયોજિત કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારા,મંત્રી રમણભાઈ પાટકર, પ્રદેશ ઉપાધ્યક્ષ ઉષાબેન પટેલની ઉપસ્થિતિમાં વલસાડ વિધાનસભા પ્રશિક્ષણ વર્ગ તથા પેજપ્રમુખ કાર્ડ વિતરણ,જિ.તા.પંચાયતોના ચૂંટાયેલા સભ્યોના સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું હતું .

## તંત્રી લેખ

# ઉદ્ધવ ઠાકરે અને રાણે વચ્ચે જૂની દુશ્મની

નારાયણ રાણે જન આશીર્વાદ યાત્રા પર છે. સોમવારે તેમને મહાડમાં પત્રકારોએ સવાલ પૂછ્યા હતા કે સ્વતંત્રતા દિવસના ભાષણમાં ઝસ ઉદ્ધવ ઠાકરે અમૃત મહોત્સવ કે હીરક મહોત્સવને લઈને કન્ફ્યુઝ જોવા મળ્યા. આ અંગે નારાયણ રાણે ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધતાં કહ્યું હતું કે "દેશને આઝાદી મળી એને કેટલાં વર્ષ થઈ ગયાં છે... અરે હીરક મહોત્સવ શું? હું તો કાનની નીચે એક લગાવત." તેમણે વધુમાં કહ્યું હતું કે "સ્વતંત્રતા દિવસ અંગે તમને ખબર ન હોવી જોઈએ? કેટલો ગુસ્સો આવે એવી વાત છે, સરકાર કોણ ચલાવી રહ્યું છે એ જ સમજાતું નથી." રાણેએ આ નિવેદન જ્યારે આપ્યું ત્યારે તેની સાથે વિધાન પરિષદના વિપક્ષના નેતા પ્રવીણ દરેકર હાજર હતા. શિવસેના ભવનથી જોડાયેલા એક જૂના શિવસૈનિકે જણાવ્યું હતું કે રાણેને શિવસેનામાં લાવવાનું કામ પાર્ટીના વફાદાર અને વરિષ્ઠ નતો લીલાધર ડાકેએ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે રાણે પોતાના મિત્ર હનુમંત પરબની સાથે નાનપણમાં ચેમ્બુર વિસ્તારમાં ગુંડાગર્દી અને સ્ટ્રીટ ફાઈટ કરતા હતા. નાનપણમાં જ તેમણે મિત્રોની સાથે મળીને અનેક વખત મુરઘી ચોરવાનું કામ કર્યું હતું. પકડાય જતાં તેમને ડાકેએ બચાવ્યા હતા. જોકે રાણે વિરુદ્ધ સત્તાવાર રીતે પોલીસ સ્ટેશનમાં મુરઘી ચોરવાને લઈને કોઈ જ કેસ દાખલ નથી, પરંતુ આ મુદ્દાને લીધે જ તેમને મુરગીચોરથી ખીજવવામાં આવે છે. શિવસેના છોડ્યા બાદ તો બાળ ઠાકરેથી લઈને રામદાસ કદમ સુધીના તમામ શિવસેનાના નેતા તેમને મુરઘી ચોર કહીને જ સંબોધિત કરતા હતા. રાણેનું માનવું હતું કે ઉદ્ધવના કહેવાથી જ શિવસૈનિકો તેને મુરઘીચોર કહેતા હતા. વર્ષ ૨૦૧૧માં રાણે અને ઠાકરે પરિવારની લડાઈ સડક પર જોવા મળી હતી. ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે અને નારાયણ રાણેના દીકરા નીતેશ વચ્ચે મુંબઈના વર્લી વિસ્તારમાં ગાડી ઓવરટેક કરવાને લઈને ઉગ્ર વિવાદ થઈ ગયો હતો. આદિત્યે વર્લી પોલીસ સ્ટેશનમાં નીતેશ વિરુદ્ધ ફરિયાદ પણ કરી હતી. ફરિયાદમાં તેને લખાવ્યું હતું કે નીતેશે જાણીજોઈને તેની ગાડી એક તરફ દબાવી દીધી. ભારત સરકારમાં માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઉદ્યોગમંત્રી નારાયણ રાણેના મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને થપ્પડ મારવાના કથિત નિવેદન બાદ સમગ્ર રાજ્યમાં થપ્પડની ગુંજ સંભળાઈ રહી છે. તો આ થપ્પડના પડઘાને પગલે ઘણા જ હાઈવોલ્ટેજ ડ્રામામાં રાણેની ધરપકડ કરવામાં આવી અને મંગળવારે મોડી રાત્રે તેમને જામીન પણ મળી ગયા. દેશના ઈતિહાસમાં આવી લગભગ પહેલી ઘટના છે, જ્યારે મુખ્યમંત્રી વિરૂદ્ધ કરવામાં આવેલા એક નિવેદનના આધારે કોઈ કેન્દ્રીય મંત્રીની ધરપકડ કરવામાં આવી હોય. આ સમગ્ર મામલે ફરી એક વખત નારાયણ રાણે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચેની અંદરોઅંદરની લડાઈએ ચર્ચા જગાવી છે. નારાયણ રાણે એક સમયે શિવસેનામાં આક્રમક નેતા ગણાતા હતા, પરંતુ ઉદ્ધવ ઠાકરે સાથે તેમને હંમેશાં વિવાદ જ રહ્યો. આ બંને વચ્ચે છેલ્લાં ૧૮ વર્ષમાં ૩૬નો આંકડો રહ્યો છે. નારાયણ રાણેમાં આજે જે સંભાવનાઓ ભાજપ જુએ છે એ બાળ ઠાકરેએ ૪૦ વર્ષ પહેલાં જોઈ હતી. નારાયણ રાણે કોંકણ ક્ષેત્રમાંથી આવતા મરાઠા નેતા છે, જેઓ પોતાની આક્રમકતા માટે ઓળખાય છે. તેઓ ચેમ્બુરના કોર્પોરેટર રહ્યા. રાજકીય ક્ષેત્રની પા-પા પગલી તેમણે ત્યાંથી જ કરી. એ બાદ તેઓ મુંબઈની સાર્વજનિક બસ પરિવહન બેસ્ટ કમિટીના ચેરમેનપદે રહ્યા. આ પદે તેઓ ૩ વર્ષ સુધી રહ્યા. એ બાદ તેઓ રાજ્ય સરકારમાં મંત્રી બન્યા અને પછી બાળ ઠાકરેના આશીર્વાદથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પણ બની ગયા. નારાયણ રાણે પોતાની રાજકીય કારકિર્દીમાં ન તો માત્ર પોતાની આક્રમકતા, પરંતુ ગાળાગાળી અને વિવાદાસ્પદ ભાષણને લઈને પણ હંમેશાં ચર્ચામાં રહ્યા છે. નારાયણ રાણે શિવસેનામાં હતા ત્યારે તેમને ઘણો જ વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમના વિરોધના કેન્દ્રમાં બાળ ઠાકરેના પુત્ર અને હાલના મહારાષ્ટ્રના ઝસ ઉદ્ધવ ઠાકરે હતા. ઉદ્ધવ ઠાકરે, સુભાષ દેસાઈ અને મનોહર જોશી આ ત્રણેય નેતા નારાયણ રાણે મુખ્યમંત્રી બને એ તેમને મંજૂર ન હતું. ત્રણેય નેતાએ હંમેશાં નારાયણ રાણેની આક્રમકતાનો પણ વિરોધ કર્યો અને આ કારણથી જ તેમને શિવસેના સાથે છેડો ફાડ્યો હતો. એક સમય હતો, જ્યારે નારાયણ રાણેને શિવસેના સુપ્રીમો બાળ ઠાકરેનું પૂરતું સમર્થન હતું, પરંતુ એનો અર્થ એવો નથી કે શિવસેનામાં બધું જ તેમના માટે યોગ્ય હતું. પાર્ટીની અંદર નારાયણ રાણેને ઘણા જ વિરોધનો સામનો કરવો પડ્યો હતો. નારાયણ રાણે ૧૯૯૯માં બનેલી શિવસેના-ભાજપની ગઠબંધન સરકારમાં મુખ્યમંત્રી હતા. જોકે તેઓ માત્ર ૯ મહિના સુધી જ રાજ્યના મુખ્યમંત્રીપદે રહ્યા. ભાજપ અને શિવસેના ગઠબંધન સરકારનો કાર્યકાળ પૂરો થાય એ પહેલાં જ ચૂંટણી કરાવવાનો નિર્ણય કરાયો અને એ ચૂંટણીમાં ગઠબંધન સરકારને હારનો સામનો કરવો પડ્યો. નારાયણ રાણેએ પોતાનો ઓટોબાયોગ્રાફી ’નો હોલ્ડ્સ બાર્ડ-માય ઈયર્સ ઈન પોલિટિક્સ’માં આ હાર માટે ઉદ્ધવ ઠાકરેને જ જવાબદાર ગણાવ્યા. નારાયણ રાણેની રાજકીય સફર શિવસેના સાથે જ શરૂ થઈ હતી, પરંતુ આજે ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ નિવેદન કરતાં તેમને જેલની હવા ખાવી પડી. ઉદ્ધવ ઠાકરે અને નારાયણ રાણે વચ્ચે આ પહેલો ટકરાવ નથી. વર્ષ ૨૦૦૩માં જ્યારે બાળ ઠાકરેએ ઉદ્ધવ ઠાકરેને શિવસેનાના કાર્યકારી અધ્યક્ષ બનાવ્યા ત્યારે આ નિર્ણયનો નારાયણ રાણે દ્વારા વિરોધ કરાયો હતો. અહીંથી જ નારાયણ રાણે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે રાજકીય દુશ્મનીની શરૂઆત થઈ. વર્ષ ૨૦૦૫માં પાર્ટી વિરોધ પ્રવૃત્તિને લઈને બાળ ઠાકરેએ તેમને શિવસેનામાંથી કાઢી મૂક્યા. જે બાદ તેઓ કોંગ્રેસમાં જોડાયા અને ત્યાંથી તેમણે ભાજપનો ખેસ પહેરી લીધો. જોકે ઉદ્ધવ ઠાકરેની સાથે તેમનો ટકરાવ યથાવત્ જ રહ્યો. બાળાસાહેબની સાથે કામ કરી ચૂકેલા એક પોલિટિકલ એક્સપર્ટે નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે શિવસેનામાં નારાયણ રાણેનું કદ બીજા નંબર પર હતું. તેઓ આર્થિક રીતે ઘણા જ મજબૂત હતા અને ઉદ્ધવના પિતરાઈ ભાઈ રાજ ઠાકરેથી ઘણા જ નજીક. તેથી ઉદ્ધવને હંમેશાંથી એવો ડર હતો કે બાળ ઠાકરે જ્યારે નહીં હોય ત્યારે રાણે પાર્ટીને તોડીને મોટું નુકસાન કરી શકે છે, તેથી તેમણે ધીમે-ધીમે નારાયણ રાણેને સાઈડલાઈન કરવાનું શરૂ કરી દીધું હતું. ૨૦૦૫માં તો એવી સ્થિતિ આવી કે તેમને પાર્ટીમાંથી કાઢવાની વાત પણ શરૂ થઈ ગઈ.

# સદાબહાર સૂર - ૩૫

## અવિનાશ વ્યાસ

શ્રાવણના આ દિવસોમાં આમ તો ચારેકોર ઉત્સવ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જાવા માંડે. શક્ય હોય ત્યાં મંદિરોમાં અથવા સૌ પોત-પોતાના ઘરમાં જ કૃષ્ણને આવકારવા ગોકુળિયું સજાવવા માંડશે. કૃષ્ણ તો સૌનો પ્રિય, સૌનો લાડકો દેવ. એને તો દેવ કહેવો, મિત્ર કહેવો કે ગુરુ કહેવો એ તો સૌ સૌની ભાવના પર આધારિત છે કારણકે કૃષ્ણ તો હર સ્વરૂપે હર કોઈને પોતાનો જ લાગે.

રાધા, મીરાં, ગોપી એ સૌએ તો એને અનન્ય ભાવે નિહાળ્યો છે પણ આપણા જેવા સૌને પણ એનું અજબ જેવું આકર્ષણ તો રહ્યું જ છે એવા કૃષ્ણ તો કવિ, લેખકો અને ગીતકારોના પણ અતિ પ્રિય. આજ સુધીમાં સદીઓથી એના માટે ઘણું લખાયું છે અને લખાતું રહેવાનું છે ત્યારે અવિનાશ વ્યાસે એના માટે શું લખ્યું હશે એ જાણવાનું મન થાય એ સ્વાભાવિક છે.

અવિનાશ વ્યાસની રચનાઓની વાત આવે ત્યારે એમની સાથે આપોઆપ શબ્દ, સૂર અને સંગીતનો તાલમેલ જોડાઈ જાય.

મોટાભાગે સંગીત શબ્દ ગાયન કે વાદનના અર્થમાં જ લેવાય છે પરંતુ કહેવાય છે કે ખરેખર તો સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્યનો સમન્વય. વિશ્વની મોટાભાગની કળા એવી છે જેમાં એકવાર સર્જન થઈ જાય પછી કળાકાર અને કૃતિ બંને ભિન્ન અસ્તિત્વ બની રહે. ચિત્ર, શિલ્પ કે ગીતને પણ આ કક્ષાએ મુકી શકાય. ચિત્રાથી ચિત્રાકાર, શિલ્પથી શિલ્પકાર, ગીતથી ગીતકાર કે કથા લખાયા પછી કથાકાર બંને ભિન્ન અસ્તિત્વ અર્થાત સર્જન જ્યાં પહોંચે ત્યાં સુધી એનો સર્જક નથી પહોંચતો જ્યારે નૃત્ય એક એવી કળા છે જ્યાં કલા છે ત્યાં જ કલાકાર છે. એ બંનેનું અસ્તિત્વ અભિન્ન અને આવા અભિન્ન અસ્તિત્વ એવા નૃત્યની વાત આવે ત્યારે અચૂક કૃષ્ણ અને એની રાસલીલા યાદ આવે.

‘રાસ દુલારી’-


અવિનાશ વ્યાસની આ એવી અનોખી ભેટ છે જે શબ્દ, સૂર અને સંગીતના સમન્વયથી સંકળાયેલી છે. કૃષ્ણનું નટખટ બાળપણ, ગોપીઓ સાથેની અટખેલીઓ, રાધા સાથેના અલૌકિક પ્રેમની સરવાણીને એટલી તો સરસ રીતે સાંકળી છે કે એ એમની અમર કૃતિ બની રહી છે.

રાસ દુલારી શરૂ થાય છે જ કાનુડાના મસ્તીભર્યા અસ્તિત્વના એંધાણથીપ

“વૃંદાવનનો શામળો,
ઓઢીને કાળો કામળો
ધૂમ મચાવે વૃંદાવનમાં પ.

આટલા શબ્દો જ એ મસ્તીખોર નંદકિશોરની હાજરીનો અનુભવ કરાવવા પર્યાપ્ત છે. માત્ર આ થોડા જ શબ્દોમાં અવિનાશ વ્યાસે કૃષ્ણની બાળપણની જે છબી સૌના મનમાં છે એ નજર તાદ્રશ્ય કરી દીધી છે.

આ ગીત લખાયું એની પણ એક મઝાની વાત છે. અમદાવાદની અર્ચન નૃત્ય અકેડમિ અવિનાશ વ્યાસ કૃત રાસ દુલારી ભજવવાની હતી. પ્રેક્ટિસ ચાલતી હતી ત્યારે સ્ટેજ પર કૃષ્ણનો પ્રવેશ કેવી રીતે




કરાવવો એની મીઠી મૂંઝવણ ચાલતી હતી અને બસ પળવારમાં અવિનાશ વ્યાસે આ ગીતની રચના ફોન પર લખાવી.

આટલી ત્વરાથી ગીતની રચના કરી શકે એ ગીતકારની કેવી અદ્ભૂત અંતઃસ્ફૂર્ણા!

મોરનું પીંછુ માથે,
ગોવાળિયાની ટોળી સાથે
આવે કાળુડો કાન, માંગે ગોપીઓથી દાન,
મારે ગોપીને કાંકરિયા માથેપ..

અને ગોપીઓનો ભાવ અવિનાશ વ્યાસના મનમા જાગ્યો હોય એમ એ લખે છે,

‘સારા જગને દેનાર, મુજથી રે શું લેનાર,

તારી જુગતી ન જાયે કળી,
હું તો મહી વેચવા નીકળી..”

વાત તો સાચી છે, જે સમસ્ત જગતને દેનાર છે એને તો વળી કોઈની પાસેથી શું માંગવાનું હોય? તેમ છતાં એ કોઈનીય પાસે કંઈપણ માંગે ત્યારે રાધાય અકળાય. એની અકળામણમાં કૃષ્ણ માત્ર એનો જ છે એવી સ્ત્રી સહજ આધિપત્યની ભાવનાનો રણકો સંભળાય.

અવિનાશ વ્યાસ ક્યારેક કૃષ્ણ, ક્યારેક રાધા તો ક્યારેક ગોપીના ભાવ અત્યંત સહજતાથી નિરૂપે છે. અહીં એમના શબ્દોમાં રાધાના ભાવ વ્યક્ત થાય છે પ

“આવું ન થાય શ્યામ મોરા,
તું તો મારા મનનો ચોર
તુંથી માખણ ન ચોરાય,
ગોપ ગોપીની ટોળી જોડે,
મારે કાંકરિયાને મટકી ફોડે,
મુજથી ના સુણાયપ.

કૃષ્ણ પાસે તો સૌની ફરિયાદના ઉત્તર. એ રાધાનું મન પારખતા કહે છે,

કોઈ મન ચોરે, કોઈ તન ચોરે, કોઈ ધન ચોરે આ જગમાં
હું તો કેવળ માખણ ચોરુ ને વસુ તારી રગરગમાંપ.

કૃષ્ણ તો સૌને એક અલગ ઓળખ સાથે મળ્યા છે. સૌએ એને પોતાની રીતે પામ્યાનો આનંદ છે.

પછી તો કાનાની આ સતામણીની ફરિયાદ પહોંચે જશોદાના દરબારમાંપ

‘સુણજો જશોદા મૈયા, મારે કાંકરિયા, ફોડે ગાગરિયા
મારે ઘેર વર કે સાસુ નણંદિયા, આવા કોઈના હશો નહીં છૈયાપ”

આગળ કહ્યું એમ સંગીત એટલે ગાયન, વાદન અને નૃત્યનો સમન્વય. સ્ટેજ પર ભજવાતી ‘રાસ દુલારી’ નૃત્યનાટિકા જેણે જોઈ છે એ સૌએ આ ત્રણનો અદ્ભૂત સમન્વય અનુભવ્યો છે.

કૃષ્ણની માખણ ચોરીને ખાવાની વાત કેટલીય વાર આપણે સાંભળી છે ત્યારે અવિનાશ વ્યાસ એ પ્રસંગને કેવી રીતે વર્ણવ્યો છે એ જોઈએ.

“આમ ભાળી તેમ ભાળી,
હળવે હળવે પગલે ચાલી
કાનુડો માખણ ચોરે હે..
ખાતા ખાતા મ્હો બગાડી,ઊંચા વાસણ નીચે પછાડી
કાનુડો માખણ ચોરે હેપ

પ્રસ્તુત થાય ત્યારે તો કોની પ્રસંશા કરવી ? ગાયનની, વાદનની કે નૃત્યની એવી સમગ્ર પેક્ષકોની અનુભૂતિ હતી. વર્તમાન ટેક્નોલૉજિના સમયમાં વર્ષો નહીં સદીઓ પહેલાંની વાતો કે વ્યક્તિની માહિતી ગુગલ અને અન્ય સર્ચ એન્જીન પરથી મળી જાય છે પરંતુ સ્વાનુભવની વાત કંઈક અનોખી છે એટલે આજે અહીં એ વાત લખવાનું મન થયું. એ સમયે ત્યાં એક આખો માહોલ સર્જાયો હતો અને એમાં સૌ રસતરબોળ હતા. એક જાતના ટ્રાંસમાં હોઈએ એવી લાગણી હતી. કૃષ્ણથી કોણ અભિભૂત નથી?

અવિનાશ વ્યાસ માટે એવું કહેવાયું છે કે,

”ગામમાં ઘર હોય ને ત્યાં એના નાનકડા ખોરડામાં ય લીપણ તો હોય જપકવિના શબ્દો આ લીપણ છે તો એની પર ઓકળીઓ બીછાવવાનું કામ સંગીતકાર કરે છે. અવિનાશ વ્યાસે તો ગુજરાતી ભાષાના ગીતો રચીને એને સંગીતે મઢીને આ લીપણ અને ઓકળીઓ એમ બંનેથી ગુજરાતના ખોરડાને શોભાવ્યું છે.”

બાકી એમ જ કંઈ સ્ટેજ પર ગોકુળિયું સર્જાય છે?

અને પછી તો જશોદા સુધી પહોંચેલી ફરિયાદોનો સૂર પકડીને જશોદાનો અમથો અમથો ગુસ્સો, દેખાવ ખાતર કરેલી લાલ આંખ, હાથમાં આવે એ દોરડાથી ખાંડણિયા સાથે કાનુડાને બાંધવું, કાનુડાનો સ્વ બચાવ એમ એક પછી એક બનતા બનાવને સાંકળીને અવિનાશ વ્યાસે લગભગ બારેક જેટલા ગીતોથી રાસ દુલારી નૃત્યનાટિકા રચી છે જેમાં રાધાનો કૃષ્ણ માટેનો રાગ અને રાવ એમ બંને પણ અત્યંત ભાવવાહી રીતે વ્યકત થયા છે.

-કેમ રે વિસારી ઓ વનના વિહારી,
તારી રાધા દુલારીને કેમ રે વિસારીપ
-નહીં જાઉં, જમના ઘાટ,
મુરલી મને નથ ગમતી,
દિન રજનીભર શ્યામસુંદરના અધર પર એ રમતી
મુરલી મને નથ ગમતી,

આ ગીત માટે સાંભળેલી એક વાતનો અત્રે ઉલ્લેખ કરવાનું મન થાય છે. ‘રાસ દુલારી’ સ્ટેજ શો માટેનું રેકોર્ડિંગ અમદાવાદના સ્ટુડિયોમાં થયું હતું. મુંબઈમાં જાણીતા ઉદઘોષક શ્રી સુહાગ દિવાનનો ડબિંગ અને એડિટીંગ સ્ટુડિયો હતો.

જ્યારે આ રેકોર્ડિંગ એડિટિંગ માટે મુંબઈ મોકલવામાં આવ્યું ત્યારે એમને ‘કેમ રે વિસારી; ગીત એટલું ગમ્યું કે એને ગુજરાતી ફિલ્મમાં લેવામાં આવ્યું. ‘રાસ દુલારી’ માટે હર્ષિદાબેન રાવલે ગાયેલું ફિલ્મમાં આશા ભોંસલે દ્વારા ગવાયું.અહીં વાત આટલી જ છે કે કોઈપણ ગીતકાર પાસે એક અપેક્ષા તો ચોક્કસ જ હોય કે એમના શબ્દો ભાવ સમસ્ત સુધી પહોંચેપ. આપણી અપેક્ષાઓ અવિનાશ વ્યાસની તમામ રચનાઓ થકી સાચા અર્થમાં પૂર્ણ થઈ છે. જો કે આ તો રાસ દુલારીની ઝલક માત્ર છે. થોડામાં ઝાઝુ સમાવાની વાત છે બાકી અવિનાશ વ્યાસની યાદ અનંત છે.



રાજુલ કૌશિક

# મહેસાણાની દિવ્યાંગ દિકરી ટોક્યો પેરાલિમ્પિકમાં ઝળકી

મહેસાણા , તા.૨૮

મહેસાણાના સુંઢિયા ગામની ભાવિના પટેલ મહિલા ટેબલ ટેનિસની કલાસ ફોર ઈવેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચૂકી છે. તેણે રાઉન્ડ ઓફ ૧૬ના મેચ નંબર ૨૦માં બ્રાઝિલની ઓલિવિરાને હરાવી હતી. ભાવિના પટેલે આ મેચ ત્રીજી ગેમમાં જ જીતી લીધી હતી. ભાવિનાએ પ્રથમ ગેમ ૧૨-૧૦, બીજી ગેમ ૧૩-૧૧ અને ત્રીજી ગેમ ૧૧-૬ થી જીતી હતી. આ જીત સાથે ભાવિના પટેલ દેશ માટે મેડલ જીતવાની એક ડગલું નજીક આવી ગઈ છે. ટોક્યો પેરાલિમ્પિક્સમાં ભાવિનાનું ફોર્મ શાનદાર જોવા મળ્યું છે અને તે એક પછી એક તેની મેચ જીતી રહી છે. ભાવિનાની આ જીતને લઈને તેનાં માતા-પિતા ખૂબ ખુશ છે. અગાઉ ભાવિનાએ ગ્રેટ બ્રિટનની મેગાન શેકલેટોનને ૩-૧થી હરાવી હતી. ભાવિનાએ તેની મેચ ગ્રેટ બ્રિટનના ખેલાડી સામે ૧૧-૭, ૯-૧૧, ૧૭-૧૫, ૧૩-૧૧ થી જીતી લીધી હતી. જે જીત સાથે જ તેણે આગલા રાઉન્ડ એટલે કે રાઉન્ડ ઓફ ૧૬ માટે ટિકિટ કપાવી લીધી હતી. આ મેચમાં ભાવિનાની સારી શરૂઆતને બીજા રાઉન્ડમાં ગ્રેટ બ્રિટનની પેડલર દ્વારા આકરી ટકકર આપી હતી, પરંતુ ફરીથી ભાવિનાએ આગામી બે ગેમ્સને સારી રીતે નિયંત્રિત કરી અને તેની જીતની પાકી કરી લીધી હતી. ભારતની ભાવિના પટેલે ટેબલ ટેનિસમાં નવો ઈતિહાસ લખ્યો છે. આ પ્રથમ વખત છે, જ્યારે ભારતના કોઇ પેડલર ટોક્યો પેરાલિમ્પિક્સની ટેબલ ટેનિસમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા હોય. બ્રાઝિલની પેડલર જોયસ ડી ઓલિવિરા ને હરાવતી અ વખતે ભાવિના પટેલે આ કમાલ કર્યો છે.

મહેસાણાનું સુઢિયા ગામ આજે ગૌરવ અનુભવી રહ્યું છે. ગામની દિવ્યાંગ દીકરીએ અનેક મુશ્કેલીઓ વેઠીને આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાનું નામ રોશન કર્યું છે. ટોક્યોમાં ચાલી રહેલી પેરાલિમ્પિકમાં ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં ભાવિના પટેલે ત્રણ રાઉન્ડમાં જ બ્રાઝિલની ખેલાડી ઓલિવિરાને હરાવી સેમી-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે અને હવે તે ગોલ્ડ મેડલ જીતવાથી માત્ર એક પગલું જ દૂર છે. ભાવિના પટેલના પિતા ખેડૂત છે અને તેઓ કટલરીની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન કરી રહ્યા છે. પરિવારની સ્થિતિ સારી ન હોવા છતાં અન્ય પાસેથી નાણાંની મદદ લઈ દીકરીને અભ્યાસ અર્થે અમદાવાદ મોકલી હતી. ભાવિના પણ પિતાના આર્થિક ભારણને ઓછું કરવા અમદાવાદ સિવિલમાં નોકરી કરવા લાગી હતી. આજે ભાવિના પર માત્ર તેનું ગામ જ નહીં, પરંતુ સમગ્ર ભારત ગૌરવ કરી રહ્યું છે. ભાવિનાના પિતાને આશા છે કે ભાવિના ગોલ્ડ મેડલ જીતશે. આજે દેશનું નામ સમગ્ર વિશ્વમાં ગુંજતું કરનારી મહેસાણાની ભાવિના પટેલના પરિવારની એક સમયે સ્થિતિ સારી નહોતી. પિતા નાનકડી કટલરીની દુકાન ચલાવી પોતાનાં ત્રણ સંતાનોનું ગુજરાન ચલાવે છે. તેના પિતાએ અન્ય લોકો પાસેથી આર્થિક મદદ લીધી હતી અને દીકરીને અભ્યાસ અર્થે અમદાવાદ મોકલી હતી. ભાવિના પટેલ એક સામાન્ય પરિવારમાંથી આવતી યુવતી છે. જોકે પિતાએ વધુ અભ્યાસ માટે તેને અમદાવાદ ખાતે આવેલા અંધજનમંડળમાં અભ્યાસ અર્થે મોકલી હતી. ત્યાં ભાવિના પટેલે અભ્યાસની સાથે સાથે સિવિલમાં ત્રણ વર્ષ સુધી દર્દીઓના કેસ લખવાનું પણ કામ કર્યું, જેથી પિતા પાસે નાણાં માગવા ન પડે. ભાવિના પટેલ મહેસાણા જિલ્લામાં આવેલા સુંઢિયા ગામમાં રહેતા એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવે છે. ભાવિનાના પિતા ગામમાં નાનકડી સ્ટેશનરી અને કટલરીની દુકાન ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.મહેસાણા જિલ્લાના સુંઢિયાની યુવતી ગોલ્ડ મેડલ જીતવાથી એક પગલું દૂર છે. જોકે આ યુવતી બાળપણથી પોલિયોની અસર થતાં તેના બન્ને પગ કામ કરતા બંધ થઈ ગયા હતા. જોકે મક્કમ મન ધરાવતી ભાવિના પટેલે સ્નાતક સુધી અભ્યાસ કર્યો છે. કમ્પ્યુટરનો અભ્યાસ કરવા માટે અંધજનમંડળ, અમદાવાદ ખાતે તેને મૂકવામાં આવી હતી, જ્યાં તેણે ટેબલ ટેનિસ રમતા ખેલાડીઓ જોઈને આ સ્પોર્ટ્સમાં કંઇક કરવાની ઈચ્છા જાગી હતી. ભાવિનાના પિતા હસમુખભાઈ પટેલે ભાસ્કરને જણાવ્યું હતું કે મારી દીકરી પ્રથમવાર ટેબલ ટેનિસ રમીને બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ત્યારે અમારા પરિવારમાં ખૂબ ખુશી આવી હતી અને અમારી દીકરીની ઈચ્છા મુજબ સતત પ્રયત્નશીલ રહ્યા.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૬૮)

### વર્ષા જાની



દુનિયામાં અનેક પ્રકારના લોકો સાથે માણસનો પનારો પડતો હોય છે. દરેકની માનસિકતા જુદાજુદાપ્રકારનીહોયછે.કેટલાકનાં દિલમાં પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવનાનાં બીજ રોપાયેલા હોય છે.એવાં લોકો શેરીનાં રખડતા કૂતરાંને પણ શેરીના અંગ સમાન ગણીરોટલી, દૂધ,બિસ્કિટ વગેરે ખાવાનું પ્રેમપૂર્વક ખવડાવતા હોય છે, અને એ કૂતરા પણ પોતાની વફાદારી જરાય છોડતા હોતા નથી.

અડધી રાતે પણ એક રક્ષકની જેમ સોસાયટીમાં કાંઈપણ ચહલપહલ જેવું અનુભવાય તો તરત જ કાન ઊંચા કરીને ભસવા મંડી પડે છે. પોતાને ખાવાનું આપનાર માણસને બરાબર પામી જાય છે.

એ વ્યક્તિ સાથે ગેલ કરે, એ બહાર જાય તો એની પાછળ પાછળ ક્યાંય સુધી મૂકવા જશે. ઘણીવાર એ કૂતરા ઉપર ખાવાનું આપનાર વ્યક્તિ કૃત્રિમ ગુસ્સો કરીને હાથમાં લાકડી લઈને મારવાનો પ્રયત્ન કરે તો પણ એ કૂતરો વિશ્વાસ પૂર્વક એ વ્યક્તિ સામેથી ખસતો હોતો નથી!એને એટલો તો વિશ્વાસ હોય છે કે આ મને મારશે નહીં!શેરીમાં રખડતી ગાયને તમે બેચાર દિવસ દરરોજ રોટલી ખવડાવશો તો તરત જ એ તમારાં ઘર આંગણે દરરોજ આવવા લાગશે.તમે ઘરમાં હશો તો એ ઘણીવાર ડેલીને ખખડાવી પોતાની હાજરી બતાવશે. તમે રોટલી ખવડાવશો કે તરત જ ચાલતી થઈ જશે! કેવી ઉત્તમ સમજણ શક્તિ!

સ્વાર્થી માણસની જેવી સ્વાર્થ પટુંતા આવા ભોળા પ્રાણીઓમાં હોતી નથી!અને પ્રાણીઓ ક્યારેય કોઈએ પોતાના પર કરેલો ઉપકાર ભૂલી શકતાં નથી. જયારે માણસ વહેલા જાગી જાગીને કલાકો સુધી પૂજા પાઠના દેખાડા તો કરે,પણ માણસ માણસને ખપમાં ન આવે!તો શું કામનું! ઘણાં લોકોએ તો પોતાના પર બીજાએ કરેલા ઉપકારને તો ક્યારના ધૂળના આવરણ નીચે દટાવી દીધાં હોય છે! નરી ઈર્ષા, અદેખાઈ અને બીજાની ચડામણીથી પોતાની માણસાઈની શરમ નેવે મૂકી દે છે!જાણે હું જ કાંઈક છું.. અને મને કોઈની ક્યારેય જરૂર જ નહીં પડે!આવા દંભના અંચળા ઓઢીને ફરનારાની આ સમાજમાં ક્યાં કમી હોય છે.!

મુંહમેં રામ, બગલ મેં છૂરી ×ની જેમ ભક્તિના દેખાડા, ઢોંગ રચવાનો શો અર્થ? અરે, આત્મા સો પરમાત્મામાં માનો. પથ્થરની બે જાન મૂર્તિની એકાદ દિવસ પૂજા કરવાની રહી જશે તો ભગવાન નારાજ નહીં થાય, પણ,કોઈ જીવતા આત્માને દુભાવશો તો ઈશ્વર જરૂર નારાજ થશે.. ઈશ્વરનાં ચોપડે આપણા દરેકે દરેક ક્ષણનો હિસાબ મંડાય છે જ.જેવું કરીશું એવું જ પામીશું.

કર્મનું ભાથું કેવું બાંધવું એ દરેક જીવે પોતે નક્કી કરવાનું છે.ગત જન્મના ઋણાનુબંધ સિવાય કોઈ કોઈને મળતું હોતું નથી.

જેની જેટલી લેણદેણ બાકી હશે, ત્યાં સુધી કઠપૂતળીના ખેલની જેમ બધાએ ઈશ્વર ની આંગળીમાં ભરાવેલી દોરીના તારમાં ખેંચાઈને નાચતા રહેવાનું છે. ઈશ્વરનાં ચાવી વાળા રમકડાં બનીને વિહરતા રહેવાનું છે.

બસ કર્મ કેવું કરવું એ તો માણસના ખુદનાં હાથમાં છે.

જરૂરી નથી કે દરેક સમયે જીભ પર ભગવાનનુ નામ આવે...,તે ક્ષણ પણ ભક્તિની જ કહેવાય છે જ્યારે માણસ-માણસ ને કામ આવે..!!

વર્ષા જાની
ભાવનગર
૨૯ ઑગસ્ટ,૨૦૨૧

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK